# સાંજે છ વાગ્યા પછી લિંબાયત ઝોનમાં કોની બેઠક થતી હતી?

**સુરત** મહાનગર પાલિકાની સ્વચ્છ છબી ધરાવતા શાસકો કેમેરા ચેક કરે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય તેમ છે

સુરતઃ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર લાંચ કેસમાં પકડાયા બાદ એક પછી એક ઘટસ્ફોટ થઈ રહ્યાં છે. આ વિસ્તારમાં ચાલતી ચર્ચા અનુસાર જે ખેલ થતાં હતાં તે સાંજે છ વાગ્યા પછી થતાં હતાં. તો એન્ટિ કરપ્શન બ્યુરો અને સુરત મહાનગર પાલિકાના શાસકો અહીંના કેમેરા ચેક કરે તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય તેમ છે. અહીં મિટિંગ થયા પછી માત્ર તોડબાજી નહીં પણ આતંકવાદી જેવું વલણ અપનાવવામાં આવતું હોવાની ચર્ચા છે.

## છેલ્લા પાંચ વર્ષમાં એસઇબી ટ્રેપમાં આવેલા મનપાના મહત્વની પોસ્ટના કર્મચારીઓ

2021 :જીગ્નેશ નટવરલાલ મોદી - આસી. ઇજનેર
2021 : ધીરેન ગોવિંદભાઇ સોલંકી - સેનેટરી ઇન્સ્પેક્ટર
2022 : બેચર કરમણભાઇ સોલંકી - ફાયર ઓફીસર
2022 : મનોજ મહેશચંદ્ર ચોકસી - સેનેટરી ઇન્સ્પેક્ટર
2022 : કેતનકુમાર શાંતિલાલ રાણા - નાયબ ઈજનેર
2023 : મિતેષભાઈ જે. ચૌધરી - આસી. ઈજનેર
2023 : જુનિયર એન્જિનિયર કેયુરભાઈ પટેલ
2023 : જુનિયર એન્જિનિયર પરેશ પટેલ
2023 : (ડિસેમ્બર): ચીફ એકાઉન્ટન્ટ તેજસ
2024 : (જૂન): ક્લાસ-3 કર્મચારીઓ જીગ્નેશ પટેલ અને મેહુલ પટેલ
2024 : પિયુષકુમાર મનુભાઈ મિસ્ત્રી - ટેક્નિકલ આસીસ્ટન્ટ
2024 : અલ્પેશભાઈ પ્રવિણચંદ્ર મહેતા - આસી. ઈજનેર
2024 : હિરેનકુમાર આર. ગજ્જર - સિક્યુરીટી ઓફિસર
2024 : હેમેન ગુણવંતલાલ ગોહીલ : ફુડ સેફ્ટિ ઇન્સ્પેક્ટર
2025 :(સપ્ટેમ્બર): કમ્પ્યુટર ઓપરેટર રાહુલ રમાશીષ પાલ
2025 : (ડિસેમ્બર): ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વર પટેલ

## 1 કરોડની કારનો માલિક પરવાના, પણ ફરતાં હતા અધિકારી

આજે એન્ટિ કરપ્શન બ્યુરોએ જે ખુલાસો કર્યો છે તે માત્ર રાયના દાણા જેટલો છે વધુ ઉંડાણપૂર્વક તપાસ થાય તો પહાડ જેટલો ભ્રષ્ટાચાર બહાર આવે તેમ છે. તોડબાજીમાં એસીબીના હાથે પકડાયેલા પરવાના પાસે એક કરોડની લક્ઝુરિયસ કરા હોવાનો એસીબીમાં ખુલાસો થયો છે. પરંતુ સ્થાનિકો કહી રહ્યાં છે કે, આ કારનો માલિક જે હોય તે પરંતુ હંમેશા તેમાં અધિકારી જ સવાર જોવા મળતા હતાં. અહીં તોડબાજીમાં જે ખેલ ચાલતો હતો તેની મોડસ ઓપરેન્ડી અહીંના બધા લોકોને ખબર હતી. પહેલા તો ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવતા હતાં. ત્યારબાદ રૂપિયાનો ખેલ થતો હતો. જો રૂપિયા મળી જાય તો જે બાંધકામ તોડી પાડવામાં આવ્યા હોય ત્યાં જ ફરીથી જેટલા માળ બનાવવા હોય તેટલા બની જતાં હતાં.

## મહારાણા પ્રતાપનગરથી સંજયનગર સુધી મોટો ખેલ થયો

મહારાણા પ્રતાપનગરથી સંજયનગર સુધીનો જે ભ્રષ્ટાચારનો મોટો ખેલ થયો છે તેતો આંખ પહોળી થઇ જાય તે પ્રકારનો છે. અહીંનો રોડ જ્યારે પહોળો થયો એટલે કે લાઇનદોરીનો અમલ થયો ત્યારે હજારો દુકાનો તોડવામાં આવી હતી. ત્યારબાદ દરેક દુકાનદારોએ તૂટેલા ભાગની પાછળ દુકાન આપવા માટે 50 હજારની પ્રસાદી આપવી પડી હતી તો એસીબી તપાસ કરે તો કરોડોનો ખેલ બહાર આવે તેમ છે. આમતો રકમ માત્ર 50હજાર છે પરંતુ તૂટેલી દુકાનોની સંખ્યા હજારોમાં છે એટલે કરોડો રૂપિયાનો ખેલ કોણ કરી ગયું તેની તપાસ થાય તેવી માંગ અહીંના સ્થાનિકો કરી રહ્યાં છે.

# લિંબાયતમાં પીઠી લાગતી હતી ત્યારે જ ગોળીબાર



**શાંતિનગર** પોલીસ ચોકીથી માંડ 200 મીટરના અંતરે લગ્નપ્રસંગ દરમિયાન ખેલાયો ખૂની ખેલ

**બારકુ** પાટિલે 'તું અહીં કેમ આવ્યો?' કહીને અજય ઉર્ફે પિન્ટિયાને રોક્યો ને શરૂ થઈ ધનાધની

સુરતઃ લિંબાયતમાં ગુરુવારે રાત્રે યોજાયેલા હલ્દી કાર્યક્રમ દરમિયાન સાઉથની ફિલ્મની જેમ શાંતિનગર પોલીસ ચોકીથી બસો મીટરના અંતરે થયેલા ગોળીબારની ઘટનાએ શહેરમાં હાહાકાર મચાવી દીધો હતો. માહિતી મુજબ, યોગેશ મારવાડીના દીકરાના લગ્ન પ્રસંગે અજય ઉર્ફે પિન્ટુ ગિરાસે પોતાના મિત્ર સાથે મંડપે પહોંચ્યો હતો. ગેટ પાસે પહેલેથી હાજર જયેશ ઉર્ફે બારકુ પાટીલ અને તેના સાથી સુરજે તેને રોક્યો હતો. "તું અહીં કેમ આવ્યો છે?" કહી ઝાપટ માર્યા બાદ ગાળાગાળી શરૂ થઈ હતી. વાત ઉગ્ર બનતા જયેશે કમરમાંથી રિવોલ્વર કાઢી સીધી ગોળી ઝીંકી દીધી હતી. ગોળી પિન્ટુના જમણા પગમાં વાગતા તે લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યો હતો.

લગ્ન પ્રસંગની ખુશી પળવારમાં ચીસો અને ભાગદોડમાં ફેરવાઇ ગઇ હતી. ઈજાગ્રસ્ત પિન્ટુને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ સર્જરી કરીને ગોળી બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી પોતાના ભાઈની હત્યાનું વેર લેવા મંડપે પહોંચ્યો હતો. 30થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા માથાભારેએ વિસ્તારમાં ખુલ્લેઆમ આ કાંડ રચતા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિએ પ્રશ્નાર્થ ચિન્હ સર્જી દીધું છે.

## શાંતિનગર પોલીસ ચોકીની નજીક જ ફાયરિંગ કરી આરોપીઓ ભાગી છૂટવામાં સફળ

લિંબાયતના શાંતિનગર વિસ્તારમાં થયેલી આ ફાયરિંગની ઘટના પોલીસ ચોકીની નજીકની ગલીમાં બની હતી. પોલીસની હાજરી હોવા છતાં હુમલાખોરોએ જાહેરમાં નિર્ભય બની ગોળીબાર કર્યો હોવાને કારણે સુરક્ષા વ્યવસ્થા અંગે સવાલો ઊભા થયા છે. લગ્ન પ્રસંગમાં ચાલી રહેલા કાર્યક્રમ દરમિયાન અચાનક થયેલા હુમલાથી મહેમાનોમાં ભાગદોડ મચી ગઈ હતી. પોલીસ દળ તરત જ સ્થળે પહોંચ્યું હોવા છતાં આરોપીઓ ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

### હુમલાખોરો અંધારાનો લાભ લઈ બાઇક પર ફરાર

ફાયરિંગ બાદ પિન્ટુનો મિત્ર કલ્પેશ તેને બચાવવા દોડ્યો ત્યારે જયેશે તેની સામે પણ બંદૂક તાકી ધમકી આપી હતી. ઘટનાસ્થળે હાજર લોકોની બૂમાબૂમ વધતા અને ભીડ ભેગી થતી જોઈ બંને હુમલાખોર મોટરસાયકલ પર સવાર થઈ અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યા હતા. સમગ્ર ઘટના થોડી જ મીનિટોમાં બની જતા લોકો સંભાળી પણ શક્યા નહોતા. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓનું પગેરું દબાવવા પ્રયાસ હાથ ધર્યા છે.

### "તું અહીં કેમ આવ્યો છે?" કહી ઝાપટ મારી ને...

એસીપી વી. એમ. જાડેજાએ જણાવ્યું હતું કે ફરિયાદી અજય પિંટિયા પોતાના મિત્ર સાથે લગ્ન પ્રસંગે પહોંચ્યો હતો. ત્યાં હાજર બારકુ પાટીલે તેને જોઈ એક ઝાપટ મારી "તું અહીં કેમ આવ્યો છે?" એવો પ્રશ્ન કર્યો હતો. ત્યારબાદ ગાળાગાળી અને ઉશ્કેરાટ વચ્ચે ગોળીબારની ઘટના બની હતી. પ્રાથમિક તપાસ મુજબ જૂની અદાવતને કારણે આ હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે.

### સાગરીત ઝડપાયો પરંતુ મુખ્ય આરોપી હજુ ફરાર

પોલીસે ઝડપી કાર્યવાહી કરતાં સુરજ ઉર્ફે ભવન્ડરની ધરપકડ કરી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે મુખ્ય આરોપી જયેશ ઉર્ફે બારકુ પાટીલ હજી પોલીસ પકડથી દૂર છે. તપાસ માટે અલગ-અલગ ટીમો બનાવાઈ છે અને સીસીટીવી ફૂટેજના આધારે લોકેશન ટ્રેસ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે.

### બને પક્ષ માથાભારે, બારકુ પાટિલ સામે 30થી વધુ, અજય પિંટિયા સામે સાતેક ગુના

બારકુ પાટીલ સામે અગાઉ 30થી વધુ ગુનાઓ નોંધાયેલા છે અને તે થોડા મહિના પહેલા જ જેલમાંથી છૂટ્યો હતો. ફરિયાદી અજય પિંટિયા સામે પણ છ-સાત ગુનાઓ નોંધાયેલા હોવાનું જાણવા મળ્યું છે. ઝડપાયેલા સુરજ સામે પ્રોહિબિશનનો ગુનો નોંધાયેલો છે. હાલ બંને પક્ષ વચ્ચેની અદાવત અને ઘટનાની પૃષ્ઠભૂમિ અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## સુરત એરપોર્ટ પર સ્ટાર એરના કાઉન્ટર પર મહેશ સવાણી જ એકલા કેમ હતા?

# સ્ટાર એરની સુરત ભુજ ફ્લાઈટ અચાનક રદ થતા પેસેન્જરો અટવાયા

**9 વાગ્યાની** સુરત - ભુજ ફ્લાઇટ માટે એરપોર્ટ પહોંચેલા મહેશ સવાણીને સ્ટાર એરના બોર્ડિંગ કાઉન્ટર પર કોઈ ન દેખાતા મૂંઝવાયા

**ભુજથી** સુરત આવેલી ફ્લાઇટ સુરતથી ભુજ ટેકનિકલ કારણોસર રદ કરાયાનો મેસેજ દરેક પેસેન્જરને મોકલાયાનો એરલાઇન્સનો દાવો

સુરતઃ એક વિચિત્ર ઘટનામાં સુરત એરપોર્ટ પહોંચેલા ઉદ્યોગકાર, સમાજસેવી મહેશભાઈ સવાણીને આજે સ્ટાર એરનો કડવો અનુભવ થયો હતો. સવારે 9 વાગ્યાની સુરતથી ભુજની ફ્લાઈટ પકડવા નિયમ મુજબ સવારે 7 વાગ્યે ટિકિટ સાથે ટર્મિનલ બિલ્ડિંગમાં પહોંચ્યા ત્યારે સ્ટાર એરના બોર્ડિંગ કાઉન્ટર પર કોઈ કર્મચારીની હાજરી ન હતી. 9 વાગ્યે બે કર્મચારીએ આવીને મહેશભાઈને જાણ કરી હતી કે, આજે સુરતથી ભુજની ફ્લાઈટ રદ કરવામાં આવી છે.

મહેશ સવાણીએ ગુજરાતમિત્રને જણાવ્યું હતું કે, સ્ટાર એરની ફ્લાઈટ રદ થઈ એનો કોઈ મેસેજ કે ફોન કોલ એમને મળ્યો ન હતો. ફ્લાઈટ રદ થતા ભુજમાં તેઓ પોતાના મિત્ર દ્વારા આયોજિત ક્ષત્રિય સમાજના સમૂહલગ્ન સમારોહમાં ઉપસ્થિત રહી શક્યા ન હતા. તેમણે કહ્યું હતું કે, આ સમૂહલગ્નમાં તેમના મિત્ર એવા આયોજકોના દીકરાના પણ લગ્ન હતા. એમાં અચૂક હાજરી આપવા ખાતરી આપી હતી. પણ ભુજથી સુરત આવેલી ફ્લાઈટ ભુજ ન જતા તેઓ કાર્યક્રમમાં હાજરી આપી શક્યા નથી. 9 વાગ્યા સુધી રાહ જોઈ તેઓ ઘરે પરત આવી ગયા હતા.


### કંપનીએ ફ્લાઈટ કેન્સલની જાણ તમામ પેસેન્જર્સને કરી હતી, મહેશભાઈને એજન્ટે જાણ ન કરી

બીજી બાજુ સ્ટાર એરના સૂત્રોએ જણાવ્યું હતું કે, આજે ભુજથી સુરત ફ્લાઇટ આવી હતી, પણ ટેકનિકલ કારણોસર આ ફ્લાઇટ કેન્સલ કરવામાં આવી હતી. ભુજથી સુરત જવા માટે 50 પેસેન્જરનું બુકિંગ હતું, એમાં એક ટિકિટ મહેશભાઈ સવાણીની પણ હતી. અમે પ્રત્યેક પેસેન્જરને ફોન, ઈમેલ અથવા મેસેજ મોકલી જાણ કરી હતી. મહેશભાઈએ ટિકિટ એજન્ટ થ્રુ બૂક કરી હતી, એટલે મેસેજ તેમને બદલે એમના એજન્ટને મોકલ્યો હતો. પણ એજન્ટે તેમને મેસેજ પાસ ઓન નહીં કરતા આ સ્થિતિ સર્જાઈ હતી. અમે એરપોર્ટ પર મહેશભાઈને દિલસોજી પાઠવી હતી. તેમને ટિકિટનું રિફંડ આપવા અથવા તેઓ ઇચ્છે તો અન્ય દિવસની ટિકિટ આપવા પણ તૈયારી દર્શાવી હતી.

### ભુજ ફ્લાઈટને પૂરતા પેસેન્જર્સ મળતા નથી, ઘણી વખત બે આંકડામાં પણ ટિકિટ વેચાતી નથી

જો કે સુરત એરપોર્ટના જાણકારો કહે છે કે, સુરત ભુજ ફ્લાઇટને પૂરતા પેસેન્જર મળતાં નથી, ઘણીવાર બે આંકડામાં પેસેન્જર મળવાની પણ તકલીફ પડે છે. એરલાઇન્સને પણ એ સમજાયું છે. એથી જ તેણે ભારતના સૌથી મોટા પોર્ટ મુન્દ્રાને સુરત, અમદાવાદ, હિંડન (દિલ્હી), ગોવા (મોપા એરપોર્ટ)ને જોડતી ફ્લાઇટ શરૂ કરવાની જાહેરાત કરી છે.

## વરસાદને લીધે કેરીનો મોર રડી રહ્યો છે પરંતુ તેના ભાવ લોકોને રડાવશે



■ શુક્રવારે સવારે સુરતમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. આ વરસાદના કારણે આંબા પર લાગેલા મોર જાણે રડી રહ્યાં હોય તેવું દ્રશ્ય કેમેરામાં કેદ થઇ ગયું છે પરંતુ આ રડતાં કેરીના મોર ભાવના મુદ્દે લોકોને ચોક્કસ રડાવશે (તસવીર : હેમંત ડેરે)

# ગજેરા બંધુના બેંક ખાતા સામે લિગલ ઓપિનિયન બાદ કાર્યવાહી

**ICICI** અને એક્સિસ બેંકના ખાતા ફ્રીઝ થવાની શક્યતા

**શાંતિ** રેસિડેન્સીસમાં કરોડોની ઉચાપત અને છેતરપિંડીનો વિવાદ

સુરતઃ હાઈકોર્ટની લાલ આંખ પછી ગજેરા બંધુની કંપનીના ICICI અને એક્સિસ બેંકના ખાતા ફ્રીઝ થવાની શક્યતા જણાઈ રહી છે. હાઈકોર્ટના આદેશ પછી ફરિયાદી પ્રવીણ દેવકીનંદન અગ્રવાલે બંને બેંકને નાણાકીય વ્યવહારો સ્થગિત કરવાની ફરિયાદ પછી શાંતિ રેસિડેન્સીસમાં કરોડોની ઉચાપત અને છેતરપિંડીના વિવાદમાં 2 બેંકે લિગલ ઓપિનિયન પછી કાર્યવાહી કરવા સંકેત આપ્યા છે.

ગજેરા બંધુની શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડમાં ચાલી રહેલા મેનેજમેન્ટ વિવાદ અને નાણાકીય ગેરરીતિઓનો મામલો હવે બેંકો સુધી પહોંચ્યો છે.

સુરતની મિલેનિયમ માર્કેટની કંપની શાંતિ રેસિડેન્સીસમાં મુખ્ય શેરહોલ્ડર પ્રવીણ દેવકીનંદન અગ્રવાલે ગુજરાત હાઈકોર્ટના કડક વલણ બાદ સુરતની ICICI બેંક અને એક્સિસ બેંકના સુરતના મેનેજરોને પત્ર લખીને કંપનીના કરંટ એકાઉન્ટમાંથી તમામ પ્રકારના ડેબિટ વ્યવહારો તાત્કાલિક અસરથી સ્થગિત (Freeze) કરવાની તાકીદ કરી છે, અન્યથા બેંક પણ કાનૂની રીતે મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે. આ મામલે હાઈકોર્ટે ગંભીર નોંધ લઈને પોલીસને તાત્કાલિક FIR નોંધવા નિર્દેશ આપ્યા છે. ત્યારબાદ કંપનીના શેર હોલ્ડર પણ કાનૂની લડત લડી લેવા આક્રમક બની ગયા છે.

ગજેરા બંધુ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના આ વિવાદની ટૂંકી હકીકત એવી છે કે, મુંબઈ સ્થિત શાંતિ રેસિડેન્સીસ પ્રાઈવેટ લિમિટેડના શેરહોલ્ડર પ્રવીણ અગ્રવાલે આક્ષેપ કર્યો છે કે કંપનીમાં મોટા પાયે છેતરપિંડી, દસ્તાવેજોમાં ફેક સહીઓ (Forgery) અને બેંકિંગ સાધનોનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. કંપનીમાં અંદાજે ૪૨% હિસ્સો ધરાવતા અગ્રવાલ પરિવારનો આરોપ છે કે મેનેજમેન્ટ પર કબજો જમાવી બેઠેલી અમુક વ્યક્તિઓ દ્વારા કંપનીના ભંડોળની ઉચાપત કરવામાં આવી રહી છે.

આ વિવાદ હાલમાં ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કંપની એક્ટની કલમ ૨૪૧ અને ૨૪૨ હેઠળ ચાલી રહ્યો છે. તારીખ ૧૫.૦૨.૨૦૨૬ના રોજ ગુજરાતની વડી અદાલતે એક મહત્વનો આદેશ પસાર કરીને આ કથિત નાણાકીય ગુનાઓ બદલ પ્રથમ માહિતી અહેવાલ (FIR) નોંધવા પોલીસ સત્તાધીશોને આદેશ આપ્યો છે.

## મોટાવરાછામાં ખોદકામ કરતી વખતે લાઇન ખોદાઈ જતા ગેસ પુરવઠો ખોરવાયો

સુરત : સુરત મહાનગર પાલિકા દ્વારા ડ્રેનેજ અને પાણીની લાઈન નાખવા માટે થઈ રહેલા ખોદકામ દરમિયાન ગુજરાત ગેસ કંપનીની ગેસ પાઈપલાઈનમાં નુકસાનને કારણે આજે મોટાવરાછા ખાતે ગેસ પુરવઠો પ્રભાવિત થયો હતો. એને લીધે ઘણા ઘરોની રસોઈ અધૂરી રહી હતી. આ વિસ્તારમાં 15,800 થી વધુ ઘરોમાં સાડા ચાર કલાક સુધી ગેસ પુરવઠો ખોરવાયો હતો. બપોરે ગેસ લાઈન ખોદાઈ જતા ગેસ લીકેજનો મેસેજ મળતા જ ગુજરાત ગેસની ક્વિક રિસ્પોન્સ ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આ ટીમે ગેસ રિસાવ અટકાવી યુદ્ધના ધોરણે લાઈન મરામતની કામગીરી શરૂ કરી હતી. જે ઢળતી સાંજે પૂર્ણ થઈ હતી. આ વિસ્તાર ઉચ્ચ ગીચતા ધરાવતો રહેણાંક અને વાણિજ્યિક વિસ્તાર છે, જે તેને કંપનીના સુરત ગ્રાહક આધારનો એક મહત્વપૂર્ણ ભાગ બનાવે છે.

# 800 કરોડના સાયબર વધુ એક પાટણથી ઝડપાયો

**MSC.IT** પાસ કરણ ઉર્ફે દ્વારકેશ દેસાઈ બ્લેકમનીને વ્હાઈટ કરતો હોવાનો ખુલાસો

સુરતઃ કતારગામમાં 800 કરોડથી વધુના સાયબર કૌભાંડમાં ફરાર ટેક્નિકલ સૂત્રધાર આખરે પોલીસ જાળમાં ફસાયો છે. સાયબર ક્રાઈમ સેલે પાટણ જિલ્લાના વાગડોદ ગામેથી 33 વર્ષીય કરણ ઉર્ફે દ્વારકેશ પીરાભાઈ દેસાઈને ઝડપી પાડ્યો છે. MSC.IT સુધી અભ્યાસ કરેલા આ યુવકે પોતાની ટેક્નિકલ કુશળતાનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ઓનલાઈન બેટિંગ નેટવર્ક માટે કર્યો હોવાનો પોલીસનો દાવો છે.

તપાસમાં સામે આવ્યું છે કે કતારગામમાં કરાયેલા સર્ચ ઓપરેશન દરમિયાન લેપટોપ, મોબાઈલ અને અનેક બેંકની ચેકબુકો મળી આવી હતી. 149 જેટલા બેંક એકાઉન્ટમાં કુલ રૂ. 8,00,66,51,326.33 જેટલા શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન થયાના પુરાવા મળ્યા હતા. વિદેશમાં બેઠેલા સૂત્રધાર જતીન ઉર્ફે જોન રેપર ઠક્કર દ્વારા સંચાલિત BIG IDEA, OPS, DAFA અને PARIMATCH સહિત 50થી વધુ બેટિંગ સાઈટ્સ પરથી આવતા નાણાંને દેશમાં ફેલાયેલા 'મ્યુલ' બેંક એકાઉન્ટ્સમાં ફેરવવા ખાસ પ્લેટફોર્મ તૈયાર કરાયું હતું.

કરણને 'leopay155' નામની ફ્રેન્ચાઈઝી સોંપવામાં આવી હતી. તે ગેમિંગ અને બેટિંગથી મળતા ફંડને વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર કરી સ્ત્રોત છુપાવતો હતો. બાદમાં આ ઓપરેશનલ કામગિરી તેણે તેના સાથી મીત શાહને સોંપી હતી. તપાસમાં જાણવા મળ્યું છે કે આ નેટવર્કના તાર વિયેતનામ અને બેંગકોક સુધી પહોંચે છે. પોલીસે કરણ દેસાઈને સુરત લાવી કોર્ટમાં રજૂ કરતાં પાંચ દિવસના રિમાન્ડ મળ્યા છે. હવે 800 કરોડથી વધુની રકમ કયા દેશોમાં અથવા ખાતાઓમાં પહોંચાડી તેની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરાઈ છે.

**વિશ્વ માતૃભાષા દિવસ** ગુજરાતી સાથે અંગ્રેજી કૌશલ્યનો સમન્વય, 8 વર્ષ સુધીના બાળકોને માતૃભાષામાં જ શિક્ષણ આપો

# સુરતથી શરૂ ગુજલિશનો પ્રયોગ રાજ્યવ્યાપી બન્યો

**'ગ્લોબલ** ગુજરાતી માધ્યમ'થી નવી દિશા દ્વિભાષી માધ્યમનો મૂળ મંત્ર છે, "ઉત્તમ ગુજરાતી સાથે કાર્યક્ષમ અંગ્રેજી"



સુરતઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી માતૃભાષા અને અંગ્રેજી માધ્યમ વચ્ચેની મૂંઝવણ વાલીઓ અને વિદ્યાર્થીઓ બંને માટે ચિંતાનો વિષય બની છે. "ગુજરાતી કે અંગ્રેજી?" જેવા પ્રશ્નનો ઉકેલ હવે "ગુજરાતી સાથે અંગ્રેજી" રૂપે સામે આવ્યો છે. સુરતમાં વર્ષ 2016માં શરૂ થયેલો 'ગ્લોબલ ગુજરાતી માધ્યમ'(GGM) પ્રયોગ હવે દ્વિભાષી શિક્ષણ તરીકે રાજ્યસ્તરે ચર્ચામાં છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન અનુસાર 2થી 8 વર્ષની ઉંમર દરમિયાન બાળકો ભાષા ઝડપી ગતિએ શીખે છે. નેશનલ એજ્યુકેશન પોલિસી 2020માં પણ સ્પષ્ટ ભલામણ કરવામાં આવી છે કે પ્રાથમિક તબક્કે માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે અને ગણિત-વિજ્ઞાન જેવા વિષયોમાં ગુણવત્તાસભર દ્વિભાષી પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવે. માતૃભાષા મગજની 'પ્રોસેસિંગ લેંગ્વેજ' હોવાથી પાયાનું શિક્ષણ (ધોરણ 1થી 2) માતૃભાષામાં જ આપવું જરૂરી છે. બાળક પોતાની ભાષામાં વિચારવાનું, લાગણીઓ વ્યક્ત કરવાની અને સમજણ વિકસાવવાની પ્રક્રિયા સહેલાઈથી કરી શકે છે. સાથે જ પરંપરા અને સંસ્કૃતિના જતન માટે પણ માતૃભાષા અનિવાર્ય છે. સમયની માંગ મુજબ અંગ્રેજી વિશ્વભાષા બની ચૂકી છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત જેવા વિષયોની ટર્મિનોલોજી અંગ્રેજીમાં પ્રચલિત હોવાથી વિદ્યાર્થીઓને શરૂઆતથી જ અંગ્રેજી પરિભાષા સાથે પરિચિત કરવું આવશ્યક છે. વિશ્વના અનેક વિકાસશીલ દેશોમાં 'ટ્રાંઝીશનલ મેથડ' અપનાવવામાં આવે છે,

### સુરતનો 'ગ્લોબલ ગુજરાતી માધ્યમ' પ્રયોગ, 15 હજાર વિદ્યાર્થી સફળ

સુરતમાં વર્ષ 2016-17થી સાત સરકારી શાળાઓમાં પાયલોટ પ્રોજેક્ટ રૂપે 'ગ્લોબલ ગુજરાતી માધ્યમ'ની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષ 2019માં રાજ્ય સરકારે તજજ્ઞોની 12 સભ્યની સમિતિ રચી આ મોડેલને રાજ્યવ્યાપી બનાવવા અંગે અભ્યાસ કર્યો હતો. બાદમાં 29/07/2021ના ઠરાવથી તેને 'દ્વિભાષી માધ્યમ' તરીકે માન્યતા આપવામાં આવી. શૈક્ષણિક વર્ષ 2025-26 સુધીમાં સુરત શહેરની 23 શાળાએ આ પદ્ધતિ અપનાવી છે.

### ગુજરાતી ભાષા સામેના પડકારો મૂળ વાલીઓની માનસિકતા છે

જિલ્લા શિક્ષણાધિકારી ડો.ભગીરથસિંહ પરમારે જણાવ્યું કે, આજના સમયમાં અંગ્રેજી મીડિયમનો ક્રેઝ વધતા ઘણાં વાલીઓ બાળકોને અંગ્રેજી શાળામાં દાખલ કરાવે છે. પરિણામે બાળકો ગુજરાતી વાંચન-લેખનથી દૂર થતાં જાય છે. ઘણી વખત જાહેર સ્થળોએ ગુજરાતી બોલવાનું પણ ટાળવામાં આવે છે. પરંતુ નિષ્ણાતો માને છે કે અંગ્રેજી એક ભાષા છે, બુદ્ધિમત્તાનો માપદંડ નહીં. માતૃભાષા મજબૂત હશે તો બીજી ભાષા શીખવી વધુ સરળ બને છે.

### ગ્લોબલ માધ્યમના વિદ્યાર્થીઓને થયેલા ફાયદા

- વિદ્યાર્થીઓમાં અંગ્રેજીનો ડર ઘટ્યો અને આત્મવિશ્વાસ વધ્યો.
- ગણિત-વિજ્ઞાનની અંગ્રેજી ટર્મિનોલોજીનો ઉપયોગ સરળ બન્યો.
- મૌખિક કૌશલ્ય (ઓરલ સ્કીલ)માં સુધારો નોંધાયો.
- વાલીઓ આર્થિક રીતે પોસાય તેવા ખર્ચે ગુણવત્તાસભર શિક્ષણ મળતાં સંતુષ્ટ.
- ગુજરાતી માધ્યમ પ્રત્યેનો વિશ્વાસ વધ્યો.
- શિક્ષકો પણ સતત અપડેટ થતાં અને શિક્ષણ વધુ રસપ્રદ બન્યું.

**ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ વેસ્ટ ઝોનમાં ગુજરાતનો ડંકો**

## 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઈટના વિદ્યાર્થીઓને કુલ 75,000 સન્માન, નેશનલ લેવલ માટે ક્વોલિફાય



સુરતઃ ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ ના વેસ્ટ ઝોન રાઉન્ડમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. પશ્ચિમ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજયુકેશનના વિદ્યાર્થીઓએ મેડલ મેળવી આગવી છાપ છોડી છે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રેડ એન્ડ વ્હાઇટના કુલ છ વિદ્યાર્થીઓએ વેબ ટેક્નોલોજી, ડિજીટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા અને ગ્રાફીક ડિઝાઈન ટેક્નોલોજી જેવા સ્કિલ ક્ષેત્રોમાં નામ રોશન કર્યું હતું. પ્રથમ ક્રમે જયદીપ ડેર, દિયા સંતોકી અને આયુષ ધોળકિયા રહ્યા હતા, જ્યારે દ્વિતીય ક્રમે અમિત ડાભી, વિદિશા ભાગીયા અને રાધી મેહતા સ્થાન મેળવ્યું હતું. ગ્રાફીક ડિઝાઇન ટેક્નોલોજી વિષયમાં વિદ્યાર્થી આયુષ ધોળકિયા એ સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને રૂપિયા 50,000ની સન્માન રકમ મેળવી. ડિજીટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા કેટેગરીમાં વિદ્યાર્થિની વિદિશા ભાગીયા એ બ્રોન્ઝ મેડલ મેળવી રૂપિયા 25,000ની સન્માન રકમ પ્રાપ્ત કરી. બંને વિદ્યાર્થીઓને મળીને કુલ રૂપિયા 75,000નું સન્માન એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ સાથે આયુષ ધોળકિયા નોઈડા ખાતે યોજાનારી નેશનલ લેવલ સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. નેશનલ લેવલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થાય તો તેમને ચીનના શાંઘાઈ શહેરમાં યોજાનારી વર્લ્ડ સ્કીલ કોમ્પીટીશન ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજયુકેશનના ફાઉન્ડર હિતેશકુમાર દેસાઈ અને હસમુખભાઈ રફાળિયા એ જણાવ્યું હતું કે આ પરિણામ ઇન્ડસ્ટ્રી આધારિત પ્રેક્ટિકલ તાલીમની સફળતા દર્શાવે છે. વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ માટે તૈયાર કરવાનો સંસ્થાનો સંકલ્પ આ સિદ્ધિથી વધુ મજબૂત બન્યો છે.